

शार्दूल विक्रीडित वृत.

नातं तेन समस्त तीर्थ सलिले दत्तापि सर्वावनि-
र्यज्ञानां च कृतं सहस्त्रमखिला देवाश्च संपूजिताः ।
संसाराच्च समुद्धताः स्वपितर स्त्रैलोक्य पूज्योऽप्यसौ
यस्य ब्रह्म विचारणे क्षणमपि स्थैर्यं मनःप्राप्नुयात् ॥

શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.

નાહ્યો તેજ સમસ્ત તીર્થ સલિલે દીધી ધરા ધર્મમાં
પૂજ્યા યજ્ઞ સહસ્ત્ર દેવ સઘળા તાર્યા સહુ પૂર્વજો;
ત્રિલોકે પણ તેજ પૂજ્ય પદવી પામ્યો ધરી ધીરતા,
જેનું બ્રહ્મ વિચારમાં પલપણ પામ્યું મન સ્થિરતા.

प्रास्ताविक. (પંચશતી.)

"દેશી મિત્ર" એન્જીન પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

કીંમત બે પાઇ.

શ્રી કૃષ્ણાષ્ટક

(હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું—એ ઢાળ.)

શ્રી કૃષ્ણ શર્ણ મમ શ્રી કૃષ્ણ શર્ણ;
શ્રી કૃષ્ણ હરે કૃષ્ણ શ્રી કૃષ્ણ શર્ણ. શ્રી કૃષ્ણ૦ ટેક.
જગજીવન શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ સ્રષ્ટા;
સ્વયં બ્રહ્મ શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ દ્રષ્ટા. શ્રી કૃષ્ણ.
મન કૃષ્ણ તન કૃષ્ણ કૃષ્ણ કારભારૂં;
ચૈતન્ય શ્રી કૃષ્ણ નહીં તો અંધારૂં. શ્રી કૃષ્ણ.
નારાયણ શ્રી કૃષ્ણ કૃષ્ણ નિર્વિકારી;
શ્રી કૃષ્ણ પૂર્ણ બ્રહ્મ પૂર્ણ મોક્ષકારી. શ્રી કૃષ્ણ.
દાતા દયાળુ કૃષ્ણ દેવાધિ દેવા;
શ્રી કૃષ્ણ જ્યોતિર્લિંગ જ્યોતિ જ્ઞાન સેવા. શ્રી કૃષ્ણ.
સચ્ચિદાનંદ કૃષ્ણ કૃષ્ણ વેદ વાણી;
સર્વ દેવ શ્રી કૃષ્ણ પુરષ પુરાણી શ્રી કૃષ્ણ.
નિરાકાર શ્રી કૃષ્ણ સાકાર શ્રી કૃષ્ણ;
રંગ રૂપ જન્મ મર્ણ નહિ વર્ણ કૃષ્ણ. શ્રી કૃષ્ણ.
શ્રી કૃષ્ણ કષ્ટ નાશ સહસ્ર ફળ સેવા;
કોટિ ફળ કૃષ્ણ ઝાંખી મંત્ર મોક્ષ દેવા. શ્રી કૃષ્ણ.

શ્રી શ્રીજરતનલાલજી મહારાજની

ઝાંખી

ગરબી (૧)

(પ્રેમની પીડા તે કોને કહીયેરે, હો મધુકર પ્રેમની પીડા—એ ઢાળ-)

દિવ્ય સ્વરૂપ દેહધારીરે, શ્રી લાલબાવા, દિવ્ય સ્વરૂપ દેહધારી—ટેક.

કાળા સુંદર કેશ ભ્રકુટીને ભાળી, કલ્પું હું કુંજ બિહારીરે—શ્રીલાલબાવા.

સુંદર વિશાળ બહુ ઉંચું કપાળ છે, અર્ધ ચંદ્ર અમી કારીરે—શ્રીલાલબાવા.

નેત્રોની જયોતિ જાણે ચળકે ચિંતામણિ, શાંતિ સમાઈ મહીં સારીરે—શ્રી.

જાડો અધર બેઉ હોઠો છે રાતા, ઝાંખી અરૂણ ઉષાકારીરે —શ્રીલાલ,

દીસે છે દાંતો જાણે હીરાને તારા, મોહક માલિકા
મીનાકારીરે–શ્રી.

ચંદ્રવદન જાણે શરદનો ચંદ્ર, ગોરા શ્રી ગિરિજાધારીરે–શ્રી.

પુણ્ય સ્વરૂપ બાવા સ્મિત કરંતા, શારદાનું સ્મિત
બલિહારીરે–શ્રી

કોમળ કંઠ માંહે ઘાંટો છે જાડો, ઝપટ લપટ બહુ
ભારીરે–શ્રી.

લાંબા ભુજો બાજું ઘુંટણુની લગભગ, નોતમ પુરૂષ
નામધારીરે–શ્રી.

ઋષિના બાલકવત્ બ્રીજરતનલાલા, વાણી વિલાસ વિધિ
સારીરે–શ્રી.

બ્રીજરતનલાલ બાવા લો દો બ્રહ્માનંદ, જ્ઞાન પ્રસાદ
ગુણકારીરે–શ્રી.

જન્મ ને મર્ણ પાશ નાશ થઇ જાવા, દાસને આશ છે
તમારીરે–શ્રી.

હરિ ગુરૂ રટણમાં જીવનને ગાળું, ગાઉં ગોવિંદ
ગિરિધારી–શ્રી.

ગરબી. (૨)

(હરિ ભજન વિના દુઃખ દરિયા સંસારનો પાર ન આવે—એ ઢાળ.)

શ્રી કૃષ્ણ પ્રભુ, શ્રીજરતનલાલાજી સૂરત શહેરમાં;
આનંદસ્વરૂપ, હરખે નિરખે હરિજન લીલા લહેરમાં. ટેક.

જન જન મન પ્રાણજીવન જાણે, તન મન ?.
હર્ષ અતિ આણે,
હર્ષ ઘેલાં દર્શન ટાણે.—શ્રી કૃષ્ણ પ્રભુ૦

મનસા શ્રી કૃષ્ણ તણી સેવા, રાચું ઝાંખું ઋષિવર જેવા,
જેવા શશિ રવિ નિયમિત તેવા.—શ્રી કૃષ્ણ પ્રભુ૦

નાનાવિધ લીલા નિત્ય કરે, નૌતમ ઝાંખી જન ઝાંખી ઠરે,
વ્રજ મંદિર મંદિર મોટું ખરે.—શ્રી કૃષ્ણ પ્રભુ૦

દાવાનલ દુઃખતણા જાવા, ઝાંખું ખાવા શાંતિ થાવા,
રવિ કાંતિ મંદિરમાં ખાવા.—શ્રી કૃષ્ણ પ્રભુ૦

સહ વિદ્યા શાંતિ સુપ્રીતિ, ઉપદેશક ઋષિમુનિ સુરીતિ,
શ્રી વલ્લભ કુળ મણિ સુનીતિ.—શ્રી કૃષ્ણ પ્રભુ૦

વૈકુંઠ વૈભવ લક્ષ્મી લીલા, શ્રી બાલકૃષ્ણ બાવા રસિલા,
મારે શ્રીડ વૈષ્ણવ કોડિલા.—શ્રી કૃષ્ણ પ્રભુ૦

શ્રીજબાવાષ્ટક પ્રેમે ગાશે, ગુરૂ ભક્તિ જ્ઞાન કૃપા થાશે,
તે વૈષ્ણવ વૈકુંઠમાં જાશે.—શ્રીકૃષ્ણ પ્રભુ૦

પધરામણીનું ધોળ.

(સાહેલીરે આંબો મૉરિયો—એ ઢાળ.)

સૌ વૈષ્ણવ બોલોની શ્રી હરિ, શ્રી હરિ શ્રી હરિ શ્રી
હરિરે—સૌ વૈષ્ણ૦

મારૂં ભુવન વૃંદાવન થઇ રહ્યું, બાવા પધાર્યારે, શ્રી
કૃષ્ણ સ્વરૂપ. સૌ૦

અંગ રંગ વસંતની વાટિકા, ગુરૂમારારે, કલ્પ વૃક્ષ
સ્વરૂપ.—સૌ૦

મુખ કમળને વસ્ત્ર આભૂષણો, હરખે નિરખુંરે, શ્રી
દ્વારિકા ભૂપ—સૌ૦

વૈષ્ણવ મંડળ ઇંદ્ર સમાજ છે, બાવા મારારે, અમરાપુરી
ભૂપ—સૌ૦

શ્રી વલ્લભ સ્વરૂપને નીરખતાં; સતી સુંદરીરે, ધોળ
મંગળ ગાય સૌ૦

આજે વૈકુંઠ થયું મારૂં આંગણું, ખમા ખમારે, જે જે
ધ્વનિ થાય—સૌ૦

બાવા શ્રી કૃષ્ણ વિષ્ણુ સ્વરૂપને, વૈષ્ણવ કરતારે, ચર્ણ
સ્પર્શને ભેટ—સૌ૦

પાન બીડાં ઉપરાણુંરે ઓઢતા, પાવન થાતારે, જાતાં
પ્રસાદી પેટ—સૌ૦

મારો ભાગ્યોદય આજ ઉદે થયો, મન મ્હાલેરે, આનંદ
ઉલ્લાસ—સૌ૦

આશા જનમને મરણના નાશની, આપો દાસનેરે, જ્ઞાન
વૈકુંઠ વાસ.—સૌ૦

શ્રી સુરતા ષોડશ.

રાગ—પારણાનો.

(માતા જશોદા બોલાવે જમવા લાલને—એ ઢાળ.)

શ્રી જી પ્રભુજી મારા, સચરાચર શોભી રહ્યા,
કોટિ શશિ રવિજ્યોતિ, અખંડ આનંદ રૂપ;
પ્રણુમું પ્રેમ ધરી શ્રી, કૃષ્ણ હરિ પરમાત્મા,
મારા નાથ નિરંજન, નિરખું નિજ સ્વરૂપ. શ્રીજી. ટેક.

સુત વિત્ત સુખ દુઃખ સર્વે, ઋણુ સંબંધ આવી મળ્યાં,
મૃગજલ સ્વપ્ન સરીખાં, મિથ્યા મોહ વિકાર;
માયા મોહ તણી આ, કાયા ગંજી ઘાસની,
મૂકી જ્ઞાનાગ્નિ પ્રભુ, ફુંકી દો શી વાર ! શ્રી. ૨

રચના માયાની આ, ઝાંખું ઝાઝા કાળથી,
વ્યાધિ જન્મ મરણનો, અસાધ્ય વિશ્વાધાર;
આપો જ્ઞાન ગુટિકા, વૈદ્ય વડા વિશ્વેશ્વરા,
કાપો ક્રાંતિ થાપો, શાન્તિ શાન્તાકાર. શ્રી. ૩

તજવું ભજવું સજવું, જોવું રોવું સ્વાર્થનું,
અમૂલ્ય દેહમણિમાં, આવ્યો અતિ અંધકાર;
કાયા કાંચન સરખી, કથીર કરીને વાપરી,
મારા કૃષ્ણ જીવનજી, કાઢો ભવથી બહાર. શ્રી. ૪

જગનાં તીરથ વૃત્તને, ઝાંખું જગદાધારમાં,
અચિન્ત્ય અવિનાશી પ્રભુ, નિઃસંગ નિરાકાર;
દર્શન દેહ ભુવનમાં., દેજે દીનાનાથ તું,
કાશી કેદારેશ્વર, શ્રીજી સર્વાધાર. શ્રી. ૫

મનડું મૃત્યુ મુખથી, મુક્ત થવા ઇચ્છે બહુ,
ઇચ્છે યજ્ઞો કર્મો, દેવો શાસ્ત્ર પુરાણ;
અભેદ ઇચ્છા ભોગે, ભોગેચ્છાની વાસના,
તત્ સત્ જ્ઞાન વિના નહિ, શત કલ્પે કલ્યાણ. શ્રી. ૬

નારાયણ નિરંતર, બાહ્યાભ્યંતર બ્રહ્મ છે,
શશિ રવિ જ્યોતિનાં નહિ, આકૃતિ રંગ કે રૂપ;
જ્યોતિ પ્રકાશથી આ, સૃષ્ટિ પ્રકાશે સર્વદા,
તેવી અસ્તોદય વિણ, જ્યોતિ બ્રહ્મ સ્વરૂપ, શ્રી. ૭

રપર૭

દાનાદિક દેવામાં, દેહ ઇચ્છા નહિ અનુભવું,
ભક્તિ ધ્યાનાડંબર, અકામ કર્મ ન લેશ;
મિથ્યા મોહ માયાને, મારાં કરી માનું નહિ,
ઇચ્છા માત્ર અવિદ્યા, સમજું છું સર્વેશ. શ્રી. ૮

સમસ્ત ભૂતો સર્વે, બ્રહ્માંડો નિજરૂપ છે,
જલચર ભૂચર ખેચર, સર્વે સત્વાભાસ;
ભાસે તમથી અંતે, તમમાં લય થાનાર છે,
અક્ષર ૐકારેશ્વર, એકજ તું અવિનાશ. શ્રી. ૯

હરિ હર બ્રહ્મા શશિ રવિ, ઇંદ્રાદિક સૌ દેવતા,
તારા એક થકી સૌ, શોભે પ્રકાશવાન;
સર્વે શક્તિ મુક્તિ, સિદ્ધિ સર્વાધીશ તું,
જ્યાં જ્યાં જપું નમું ત્યાં ત્યાં, તારૂં ધારૂં ધ્યાન. શ્રી ૧૦

રક્ષણ આ ક્ષણ આપો, આત્મઘાતી રંકને,
ત્રિકમ ત્રિકાળેશ્વર, ટાળો ત્રિવિધ તાપ;
હું તું ભિન્નપણું નહિ, તત્વમસિ તે તુંજ છે
ઝાંખું ઝળહળ જ્યોતિ, અંતર બહિર અમાપ. શ્રી. ૧૧

જીવન મુક્ત થવાને, જીવું તત્ત્વ જ્ઞાનમાં,
તત્ત્વજ્ઞાન થવાથી, થાશે મનનો નાશ;
મનનો નાશ થવાથી, નાશી જાશે વાસના,
વાસના લિંગ વિનાશે, હું તું એક પ્રકાશ. શ્રી. ૧૨

વસ્ત્રાભૂષણ ભોજન, વિષયાનંદ સુખ સ્વપ્નછે,
બ્રહ્માનંદ નિરંતર, સાગર સુખનું ધામ;
વિષયાનંદ વિષે હું, બ્રહ્માનંદને ભોગવું,
હરતાં ફરતાં કરતાં, ઘરનાં સર્વે કામ. શ્રી. ૧૩

નટવર બાજીગર તું, બડો ખેલાડી બ્રહ્મ છે,
માયાપાશ પતંગો, ઉડાવતો સંસાર,
તુટયો પતંગ તેતો, છુટયો તારી પાશથી,
નિર્ગુણ ન્યારો રહીને, નચવે નિજ પરિવાર. શ્રી. ૧૪

દાવાનલ આશાનો, સમૂળ બાળી નાંખજે,
અશાંત રાગાદિક જડ, ફાર ન થાય પ્રકાશ;
હરહર ૐ સ્મરણમાં, આવું હરિ નિજ ધામમાં,
જ્યોતે જ્યોત મિલાવું, જ્યોતિ રૂપ જગવાસ. શ્રી. ૧૫

સદૈવ સુરતા નટવત્, સચ્ચિદાનંદ રૂપમાં
શાશ્વત શંકર અંતર, બ્રહ્માંડે ભરપૂર;
રહીશું હરિ ઇચ્છાપર, જળ કમળવત્ જગતમાં,
શાશ્વત્ જન્મો મર્ણો, નાઠાં દાસથી દૂર. શ્રી. ૧૬

